*બાળવૃંદ :*

જશભાઈ કેવા છે રે... જશભાઈ શું કરે છે રે... (૨)
ચાલો સોખડા જઈને નિહાળીએ... (૨)
તીર્થભૂમિને વંદન કરીએ... <u>તીર્થભૂમિને વંદન કરીએ...</u> (૨)

*સૂત્રધાર અને બાળવૃંદ :*

આવો વહાલાં પ્યારાં ભૂલકાં ભારતની ભૂમિને સૌ, }(૨)
શીશ નમાવી વંદન કરીએ પુણ્યભૂમિ છે દિવ્ય બહુ, }
વંદે ભારત માતરમ્, વંદે ભારત મા... (૪)

શુભ્ર હિમાલય મુકુટ શીશ પર, ગંગોત્રી છે ગંગાની, }(૨)
વિંધ્યાચળ અરવલ્લી નીલગિરિ, ઉદ્‌ગમ અનેક સરિતાની, }
ગયા કાશી ને અડસઠ તીરથ, નીરાજન ભગવાનની, }(૨)
સંત સૂફી ને પીર યોગીની, ભૂમિ આ અવતારોની, }
સભ્યતાની જન્મસ્થલી ધરૂવાડી છે સંસ્કૃતિની...
વંદે ભારત માતરમ્, વંદે ભારત મા... (૪)

ગરવી ધરતી જુઓ દોસ્તો, ભૂમિ આ ગુજરાતની, }(૨)
વીરો કવિઓ સંતો ભક્તો, ઉદ્યમી આ સદ્‌ભાવની, }
શ્રીજીએ આ ભૂમિ પર અવતારી ગંગા સત્‌સંગની, }(૨)
સ્વામિનારાયણ મહામંત્રને અક્ષરેયુક્ત ઉપાસનાની, }
અદા ભગતજી જાગાજી શાસ્ત્રીજીના સિંચનથી. }(૨)
<u>વાગ્યા ડંકા દિગંતમાં ગુરુભક્તિ એ છે યોગીની...</u> (૨) }
વંદે ભારત માતરમ્... જય ગરવી ગુજરાત... (૪)

ગામ સોખડા આ છે મિત્રો તીરથ મોટું સત્સંગનું,
બાપા કહેતા શંકરભાઈનું ઘર છે દાદા ખાચરનું, }(૨)

પ્રગટ્યા અહીં છે સંત મહા જેને બિરુદ છે ભગવાનનું,
શૂરવીર ને કોડીલા હૃદય ભગવું જશભાઈનું, }(૨)

આવો કરીએ ઝાંખી ગ્રહીએ અમૃત એના જીવનનું...

વંદે ભારત માતરમ્... જય ગરવી ગુજરાત... (૪)

આવો વહાલાં પ્યારાં ભૂલકાં ભારતની ભૂમિને સૌ,
શીશ નમાવી વંદન કરીએ પૂણ્યભૂમિ છે દિવ્ય બહુ,

વંદે ભારત માતરમ્, વંદે ભારત મા... (૪)

જય સ્વામિનારાયણ બોલો... જય સ્વામિનારાયણ બોલો... (૮)

*બાળવૃંદ :*

જશુભાઈ કેવા હતા રે... (૨)
જશુભાઈ મંદિરે તે કેમ કરીને જાતા... (૨)

*ઘનશ્યામ :*

જશુભાઈ ચોખા લઈને... મુઠ્ઠીમાં ચોખા ભરીને... (૨)
જશુભાઈ ચોખા લઈ મંદિરે જાતા... (૨)

બાળવૃંદ :

જશુભાઈ કેવા હતા રે... (૨)
જશુભાઈ પતંગ તે તેમ કરી ચગાવતા... (૨)
યોગીજીએ શું કર્યું રે... (૨)
યોગીજી જશુભાઈમાં કેમ કરી સમાયા... (૨)